# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 18/06/2026** **Morning : 7.10 to 7.20**

**Day : THURSDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **કરણ મકવાણા** વાંચે છે.

---

1. **રાજ્યમાં લોકલ ફોર વોકલ પર વધુ ધ્યાન કેન્દ્રિત કરવા રાજ્ય સરકારની અધિકારીઓને સૂચના**
2. **રાજ્યની 224 ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિઓ ના ત્રણ હજારથી વધુ કર્મચારીઓ માટે બોનસ અને રહેમ ભથ્થાં મંજૂર**
3. **રાજ્યના માળખાકીય વિકાસ પ્રોજેક્ટ માટે હુડકો અને સરકાર વચ્ચે . એક લાખ કરોડના લાંબા ગાળાના રોકાણ માટેના કરાર**
4. **રાજુલાના કોવાયાની ઘટના બાદ સિંહોને માનવ વસવાટ તરફ જતાં અટકાવવા વન વિભાગ દ્વારા તકેદારી**
5. **અમદાવાદની બી.જે. મેડિકલ કોલેજની રેગીંગની ઘટનામાં ત્રણ વિદ્યાર્થીઓ બરતરફ.**
6. **ક્રિકેટમાં લખનૌ ખાતેની બીજી વન ડેમાં ભારતે અફઘાનિસ્તાનને હરાવી શ્રેણી જીતી. મહિલા વિશ્વકપમાં ભારતે નેધરલેન્ડને પરાજય આપ્યો**

--------------------------------------------------------------------------------

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો..**

# CABINET MEETING

રાજ્ય મંત્રીમંડળની ગઇકાલે યોજાયેલી બેઠકમાં લોકલ ફોર વોકલ અભિયાનને વધુ મજબૂત બનાવવા અધિકારીઓને સૂચનાઓ આપવામાં આવી હોવાનું રાજ્યના પ્રવક્તા મંત્રી જીતુ વાઘાણીએ કહ્યું હતું.

## બાઇટ જીતુ વાઘાણી, પ્રવક્તા મંત્રી (લોકલ ફોર વોકલ )

કેબિનેટની બેઠકમાં ઇન્ડસ્ટ્રીઝ ઔદ્યોગિક નીતિ કરવા બદલ મુખ્યમંત્રી અને નાયબ મુખ્યમંત્રીને કેબિનેટ દ્વારા અભિનંદન પાઠવાયા હતા. વાઇબ્રન્ટ ગુજરાત સમિટ અંતર્ગત નવી ઉદ્યોગ નીતિ સાથે રાજ્યભરમાં રોડ શો યોજવા માટે મુખ્યમંત્રીએ તંત્રને સૂચના આપી છે.

## બાઇટ જીતુ વાઘાણી, પ્રવક્તા મંત્રી (વાઇબ્રન્ટ રોડ શો)

કેબિનેટ બેઠકમાં ચોમાસા દરમિયાન વધુમાં વધુ વૃક્ષારોપણ કરવામાં આવે તેવી ખાસ સૂચના પણ આપવામાં આવી છે. દરેક જિલ્લા કક્ષાએ ખાસ કંટ્રોલ રૂમ શરૂ કરવાની સૂચના પણ  આપવામાં આવી છે,

જ્યારે રાજ્યની **224** ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિઓના **3,000** થી વધુ કર્મચારીઓ માટે બોનસ અને રહેમ ભથ્થાં મંજૂર કરવાનો મહત્વપૂર્ણ નિર્ણય જાહેર કરાયો છે.

# HUDCO FINANCE GUJARAT GOVERNMENT

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં ગુજરાત સરકાર અને હાઉસિંગ એન્ડ અર્બન ડેવલપમેન્ટ કોર્પોરેશન લિમિટેડ હુડકો વચ્ચે વ્યૂહાત્મક સહભાગીતાથી રાજ્યના વિવિધ માળખાકીય વિકાસ પ્રોજેક્ટ્સ માટે એક લાખ કરોડ રૂપિયાના લાંબા ગાળાના રોકાણ માટેના સમજૂતી કરાર MOU ગાંધીનગરમાં કરવામાં આવ્યા હતા.

આ ભંડોળમાંથી ગુજરાત મેટ્રો રેલના ફેઝ-2 અને 3, એક્સપ્રેસ-વે, સ્પોર્ટ્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને ધોલેરા ખાતે આધુનિક ઇન્ફ્રાસ્ટ્રક્ચર જેવા વિકાસલક્ષી પ્રોજેક્ટ્સના કામોના સમાવેશ કરાશે.આ ઉપરાંત રાજ્ય સરકારે અન્ય એક એમ.ઓ.યુ. ઇન્ડિયન ઇન્સ્ટિટયૂટ ઓફ મેનેજમેન્ટ IIMઅમદાવાદ સાથે પણ કર્યો છે.આ એમ.ઓ.યુ. અનુસાર, પ્રિ-ફિઝિબિલિટી સ્ટડી,ફિઝિબિલિટી સ્ટડી તેમજ વિગતવાર પ્રોજેક્ટ્સ અહેવાલ અનેઈમ્પેક્ટ એસેસમેન્ટ IIM હાથ ધરશે.

# KUTCH INTEGRATED SCHOOL

કચ્છ જિલ્લામાં નવી 37 સંયુક્ત શાળાને મંજૂરી અપાઈ છે. આ સાથે અગાઉ મંજૂર થયેલી 11 સહિત કુલ 48 નવી શાળાઓ શરૂ થશે. જે સમગ્ર રાજ્યમાં સૌથી વધુ છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે ગઇકાલે યોજાયેલા કાર્યક્રમમાં આ શાળાઓના હુકમ એનાયત કરાયા હતા.

નવી સંયુક્ત શાળાઓમા ધોરણ 1 થી લઈ 12 ના અભ્યાસની સુવિધા ઉપલબ્ધ થશે.

# PRAVIN MALI ON WILD ANIMAL ATTACKS

રાજુલાના કોવાયાના ઘટના બાદ વન વિભાગ દ્વારા વન્ય પ્રાણીઓને માનવ વસવાટ તરફ જતાં અટકાવવા વધુ તકેદારી રખાશે. વન અને પર્યાવરણ રાજ્ય મંત્રી પ્રવીણ માળીએ કહ્યું કે, વન વિસ્તારની આસપાસ રહેતા સ્થાનિક લોકો અને ખેતમજૂરોની સુરક્ષા માટે વન વિભાગ સતત કાર્યરત છે. તેમણે કહ્યું, વન વિભાગ દ્વારા હિંસક પ્રાણીઓની ઓળખ કરી તેમનું લોકેશન સતત ટ્રેસ કરી વિશ્લેષણ બાદ યોગ્ય પગલાં લેવામાં આવે છે.

## (બાઇટ – પ્રવીણ માળી)

તેમણે સિંહ અને દીપડાના માનવ પર થયેલા તાજેતરના હુમલાઓને દુઃખદ ગણાવી સરકાર તરફથી સંવેદના વ્યક્ત કરી. તેમણે કહ્યું, આવી ઘટનાઓમાં સરકાર દ્વારા મૃતકના પરિવારને 10 લાખ રૂપિયાની સહાય ચૂકવવામાં આવે છે. આ ઉપરાંત સરકાર અને વન વિભાગ દ્વારા સ્થાનિક લોકોની જાગૃતિ માટે વિવિધ કાર્યક્રમોનું પણ આયોજન કરવામાં આવે છે.

# MID BREAK- NEWS- REGIONAL

**આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.**

ગોન્ગ મ્યુઝિક

# GIR SOMNATH JANKALYAN SHIBIR

12 વર્ષ વિકાસ, વિશ્વાસ અને જનકલ્યાણના અંતર્ગત ગીર સોમનાથના કાજલી ગામે અને તાલાલા ના ધૂસિયા  ખાતે જનકલ્યાણ શિબિર યોજાઈ. જેમાં સુગમ પોર્ટલ અંગે માર્ગદર્શન અને વિવિધ સેવાઓના લાભો અપાયા હતા.શિબિર દરમિયાન આવકના દાખલા, રેશનકાર્ડ સંબંધિત સેવાઓ જેવી કે નવા રેશનકાર્ડમાં નામ ઉમેરવા, નામ કમી કરવા તેમજ જરૂરી સુધારાઓ કરવાની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી હોવાનુ લાભાર્થી ગોપાલ ચારણિયાએ જણાવ્યું હતું.

**(બાઈટ : ગોપાલભાઈ ચારણિયા (લાભાર્થી))**

# BJ MEDICAL COLLAGE ACTION

અમદાવાદની બી જે મેડિકલ કોલેજમાં રેગિંગની ઘટનાને પગલે ઓર્થોપેડિક વિભાગના ત્રણ વિદ્યાર્થીઓને 6 મહિનાથી 1 વર્ષ સુધી બરતરફ કરવામાં આવ્યા છે. રાજ્યના આરોગ્ય મંત્રી પ્રફુલ પાનસેરીયાએ જણાવ્યું હતું કે એન્ટી રેગિંગ કમિટીની તપાસ બાદ આ પગલાં લેવામાં આવ્યા છે.

આરોગ્ય મંત્રીએ જણાવ્યું કે રેગિંગની ફરિયાદને સરકાર અને આરોગ્ય વિભાગે અત્યંત ગંભીરતાથી લીધી છે. વિદ્યાર્થીઓ માટે સુરક્ષિત અને ભયમુક્ત શૈક્ષણિક વાતાવરણ જાળવવાનો સરકારનો સંકલ્પ છે પ્રફુલ પાનસેરીયાએ વિદ્યાર્થીઓએ રેગિંગ જેવી અસામાજિક પ્રવૃત્તિઓથી દૂર રહેવું જોઈએ તેમ જણાવ્યુ હતું.

# WEATHER

હવામાન વિભાગ દ્વારા 23 જૂન સુધીની આગાહી જાહેર કરવામાં આવી છે, જે મુજબ આગામી બે દિવસ દરમિયાન ગુજરાતના વિવિધ વિસ્તારોમાં હળવોથી મધ્યમ વરસાદ થવાની સંભાવના છે. આજે અરવલ્લી, મહીસાગર અને દાહોદ જિલ્લાના કેટલાક વિસ્તારોમાં વરસાદી માહોલ રહેશે અને બાકીના દિવસોમાં હવામાન મુખ્યત્વે સૂકું રહેવાની હવામાન વિભાગના વડા ડોક્ટર એ કે દાસે આગાહી કરી છે.

**(બાઈટ : એ. કે. દાસ, હવામાન વિભાગના વૈજ્ઞાનિક)**

# RAIN

રાજ્યના કેટલાક જીલ્લામાં ગઇકાલ રાતથી વરસાદી વાતાવરણ સર્જાયું છે. અરવલ્લીના મેઘરજ, ભિલોડા, અને શામળાજી સહિતના વિસ્તારોમાં વરસાદ વરસ્યો. છોટા ઉદેપુરના શિવજીપુરા,વાલોઠી, બમરોલી સહિતના વિસ્તારમાં વરસાદ વરસતા ખેડૂતોમાં ખુશી જોવા મળી. જીલ્લામાં અચાનક વાતાવરણમાં પલટો આવતાં ધીમી ધારે વરસાદ પડ્યો હતો.

પંચમહાલના ગોધરા શહેર સહિતનાં વિસ્તારમાં કડાકા ભડાકા સાથે વરસાદ વરસતા વીજળી ગૂલ થઈ હતી. અમદાવાદમા પણ આજે વહેલી સવારે વરસાદી છાંટા પડ્યા હતા.

દરમિયાન વલસાડના મોટી ઢોલડુંગરી ગામના લોકોએ સારા વરસાદ માટે અભિનાથ મહાદેવની પરંપરાગત પૂજા કરી હતી

# PANCHMAHAL FLOOD MOCKDRILL

પંચમહાલના શહેરામાં સીમલેટ બેટ ખાતે પૂરની પરિસ્થિતિને પહોંચી વળવા રાજ્ય આપત્તિ પ્રતિભાવ દળ - **SDRF** અને સ્થાનિક તંત્ર દ્વારા સંયુક્ત મોકડ્રિલ યોજાઇ.

જેમાં ચોમાસા દરમિયાન સંભવિત પૂરની સ્થિતિમાં જનજીવનની સુરક્ષા સુનિશ્ચિત કરવા અને કટોકટીના સમયે ઝડપી બચાવ કામગીરી માટેની તૈયારી ચકાસવામાં આવી.મોકડ્રિલ દરમિયાન **SDRF**ની ટીમે આધુનિક બોટ અને જીવન રક્ષક જેકેટની મદદથી પૂરના પાણીમાં ફસાયેલા લોકોને સુરક્ષિત રીતે બહાર કાઢવાની કામગીરીનું જીવંત પ્રદર્શન કર્યું હતું.

# CRICKET-INDIA-AFGHANISTAN

ક્રિકેટમાં, ભારતે લખનૌ ખાતે બીજી વનડેમાં અફઘાનિસ્તાનને 170 રનથી હરાવ્યું. આ સાથે, ભારતે ત્રણ મેચની શ્રેણીમાં 2-0 ની સરસાઈ મેળવી લીધી છે.

ભારતે પ્રથમ બેટિંગ કરીને 402 રન બનાવ્યા. શુભમન ગિલે 154 અને ઇશાન કિશને 125 રન બનાવ્યા. જવાબમાં, અફઘાનિસ્તાન 232 રનમાં ઓલઆઉટ થઈ ગયું. ભારત તરફથી અર્શદીપ સિંહ અને ગુરનુર બ્રારે ત્રણ-ત્રણ વિકેટ લીધી, જ્યારે પ્રિન્સ યાદવે બે વિકેટ લીધી.

શ્રેણીની ત્રીજી અને અંતિમ મેચ શનિવારે ચેન્નાઈમાં રમાશે. અગાઉ, ભારતે 13 જૂને ધર્મશાળામાં રમાયેલી મેચમાં અફઘાનિસ્તાનને 7 વિકેટથી હરાવ્યું હતું.

# WOMEN'S T20 WORLD CUP

મહિલા T20 વર્લ્ડ કપમાં, ગઈકાલે રાત્રે લીડ્સના હેડિંગ્લી ખાતે ગ્રુપ A મેચમાં ભારતે નેધરલેન્ડ્સને 95 રનથી હરાવ્યું.

પ્રથમ બેટિંગ કરતા, ભારતે સ્મૃતિ મંધાનાના 74 અને શેફાલી વર્માના 55 રનની મદદથી નિર્ધારિત 20 ઓવરમાં 5 વિકેટે 209 રન બનાવ્યા. જવાબમાં, નેધરલેન્ડ્સ 17.3 ઓવરમાં 114 રને ઓલઆઉટ થઈ ગયું. ભારત તરફથી, શ્રી ચરણીએ ચાર વિકેટ ઝડપી, જ્યારે શેફાલી વર્માએ ત્રણ અને નંદની શર્માએ બે વિકેટ લીધી.

સ્મૃતિ મંધાનાને પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરવામાં આવી

# PATAN YOG SHIBIR MEHSANA

ભારતની સંસ્કૃતિ અને ઐતિહાસિક વારસાના પ્રતિકરૂપ પાટણના વર્લ્ડ હેરિટેજ સ્થળ રાણીની વાવ, ખાતે સેવા, સુશાસન, વિકાસ અને જનકલ્યાણના 12 વર્ષ પૂર્ણ થવાના અવસરે તેમજ 12મા આંતરરાષ્ટ્રીય યોગ દિવસ-2026 નિમિત્તે યોગ શિબિરનું આયોજન કરવામાં આવ્યું.

આ ઐતિહાસિક અને પ્રાચીન સ્થળે 4,000થી વધુ યોગ સાધકોએ ઉત્સાહભેર ભાગ લઈ યોગમય, સ્વસ્થ અને સકારાત્મક જીવનશૈલી અપનાવવાનો સંકલ્પ વ્યક્ત કર્યો. યોગાભ્યાસ દ્વારા સ્વાસ્થ્ય જાગૃતિ અને તંદુરસ્ત જીવનશૈલીનો સંદેશ આપવામાં આવ્યો.

મહેસાણા જીલ્લામાં આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણીને લઈને જિલ્લા કલેકટર એસ.કે પ્રજાપતિના અધ્યક્ષસ્થાને ખાતે બેઠક યોજાઈ. જેમાં જિલ્લા કક્ષાના કાર્યક્રમના સુચારું આયોજન અંગે બેઠક યોજાઇ.

# GIFT CITY YOG

ગાંધીનગરની ગીફ્ટ સીટી ખાતે યોગ શિબિર યોજાઇ હતી. વહેલી સવારે યોજાયેલી આ યોગ શિબિરમાં ગુજરાત રાજ્ય યોગ બોર્ડના ચેરમેન શીશપાલ રાજપૂત,ગીફટ સિટીના એમડી સંજય કૌલ, પૂર્વ મંત્રી બ્રિજેશ મેરજા ઉપસ્થિત રહ્યા.

12 આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી અંતર્ગત ગીફ્ટ સીટી અને ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા શિબિરનું આયોજન કરાયું હતું જેમાં શીશપાલ રાજપૂતે યોગ અભ્યાસ કરાવ્યો હતો જેમાં મોટી સંખ્યામાં ગીફ્ટ સીટી કંપનીના અધિકારીઓ,કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા